# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૧ ❖ ચૈત્ર પૂર્ણિમા ❖ ૨ એપ્રિલ, ૨૦૦૭ ❖ વર્ષ - ૮ ❖ અંક - ૧ ❖ સળંગ અંક - ૮૫


## ધમ્મવાણી

सन्तिवादोति सन्तिवादो मुनि ताणवादो लेणवादो
सरणवादो अभयवादो अच्चुतवादो अमतवादो
निब्बानवादोति – एवं मुनि सन्तिवादो।
महानिद्देसपाळि

શાંતિવાદી મુનિ ભગવાન બુદ્ધ ત્રાણવાદી (રક્ષણવાદી) છે, સંરક્ષણવાદી છે, શરણવાદી છે, અભયવાદી છે, અચ્યુત પદવાદી છે, અમૃતવાદી છે, (પરમપદ) નિર્વાણવાદી છે- આવા શાંતિવાદી છે ભગવાન બુદ્ધ.

## બુદ્ધ જેવો સુખવાદી કોણ હશે ?

બુદ્ધ અને બુદ્ધના ઉપદેશ પર 'દુઃખવાદી' હોવાનું મિથ્યા લાંછન ભારતમાં તો સદીઓથી પ્રચલિત છે જ. બુદ્ધાનુયાયી દેશોને બાદ કરતાં પશ્ચિમી દેશોમાં પણ આ થોડે અંશે ફેલાયું, જેનો કુપ્રભાવ બહુ સ્પષ્ટ છે. આપણે ત્યાં તો અત્યંત ઉચ્ચ કોટિના અનેક વિદ્વાન અને ધર્મવેત્તા આ મિથ્યા માન્યતાના શિકાર થયા. એ કારણે જનસાધારણ પર પણ આનો ઊંડો પ્રભાવ પડયો. વિપશ્યના સાધના અને ભગવાન બુદ્ધની મૂળ વાણીના સંપર્કમાં આવ્યા પહેલાં હું સ્વયં પણ આ ભ્રાંતિનો શિકાર હતો. આવો, આ હાનિકારક ભ્રાંતિને દૂર કરીએ.

વાદી ત્રણ પ્રકારના હોય છે-

(૧) વાદી એ હોય છે જે કોઈ મતની સ્થાપના કરે છે અને એને સત્ય સિદ્ધ કરવા માટે વાદ-વિવાદ કરે છે. બુદ્ધ એવા વાદી નથી. દુઃખવાદ એમનો સ્થાપિત વાદ નથી, જેના માટે તેઓ વિવાદ કરે. તેઓ તો કોઈ પણ માન્યતાને માટે વિવાદ કરવાને ખોટો માનતા. તેથી જ કહ્યું,

विवादं भयतो दिस्वा, अविवादं च खेमतो ।

(૨) વાદી એ હોય છે કે જે પોતાના પરંપરાગત સિદ્ધાંતની માન્યતા પ્રત્યે સમર્પિત થઈને એના ફેલાવાનું કામ કરે છે. જેમ આતંકવાદી આતંકમાં જ વિશ્વાસ કરે છે અને એને ફેલાવવામાં જ જીવ રેડી દે છે. કોઈ પણ ન કહી શકે કે બુદ્ધ આ રીતે દુઃખ ફેલાવવામાં લાગ્યા હતા.

(૩) વાદીનો એક શાબ્દિક અર્થ છે 'બોલનારો'. 'વાદ' બોલવાને કહે છે. બુદ્ધ બહુ ઉપદેશ દે છે, એ અર્થમાં 'વાદી' કહી શકીએ, પરંતુ બુદ્ધ સદા ધર્મનો ઉપદેશ દેતા. એટલે આપણે જોઈએ છીએ કે એમના જીવન કાળમાં લોકો એમને सच्चवादी, तथवादी, कम्मवादी, किरियवादी, कालवादी, पियवादी, हितवादी, यथावादी तथाकारी કહેતાં. તેઓ સદા સત્ય ધર્મની વાણી બોલતા, અતઃ એમના વિરોધીઓ પણ એમને ધમ્મવાદી જ કહેતાં.

એમના જીવનની એક ઘટના-

પ્રસિદ્ધ બ્રાહ્મણ આશ્વલાયન ભગવાન બુદ્ધનો સમકાલીન હતો. એ પ્રખર વિદ્વાન હોવાને કારણે તત્કાલીન બ્રાહ્મણ સમાજનો નેતા હતો. જયારે બ્રાહ્મણોએ એને નિવેદન કર્યું કે એ બુદ્ધ સાથે વાદ-વિવાદ કરે, તો એણે એવું કહીને ના કહી કે એ ધમ્મવાદી છે. હું કોઈ ધમ્મવાદી સાથે કેમ વિવાદ કરું ? એમના મોટામાં મોટા વિરોધીઓ પણ એમને કદી દુક્ખવાદી ન કહ્યા. દુક્ખવાદી તો ત્યારે કહે, જયારે તેઓ સદા દુઃખની જ ચર્ચા કરતા હોય. સુખનું કદી નામ પણ ન લેતા હોય, એવું તો નહોતું.

જેના પર દુઃખવાદી હોવાનો મિથ્યા આરોપ લગાવાયો, વસ્તુતઃ એ બુદ્ધ જેવો સુખવાદી આજ સુધી સંસારમાં કોઈ નથી થયો. જે દુઃખવાદી હોય છે, તે કેવળ દુઃખની જ ચર્ચા કરશે, સુખની ચર્ચા કેમ કરે?

ભગવાને દુઃખની ચર્ચા અવશ્ય કરી છે, પણ આ ચર્ચા દુઃખમાંથી છુટકારો પામવા માટે છે. એમણે સુખની ચર્ચા કરી છે, ઉચિત સુખ પ્રાપ્ત કરવા માટે.

દુઃખની ઉત્પત્તિનો ક્રમ સમજાવતાં એમણે દેખાડયું-

...एवमेतस्स केवलस्स दुक्खक्खन्धस्स समुदयो होति ।

અર્થાત- આ પ્રકારે સંપૂર્ણ દુઃખના ઢગલાની ઉત્પત્તિ થાય છે.

એ પછી એમણે દેખાડયું -

...एवमेतस्स केवलस्स दुक्खक्खन्धस्स निरोधो होति ।

અર્થાત આ પ્રકારે સંપૂર્ણ દુઃખોના ઢગલાનો નિરોધ થઈ જાય છે એટલે કે દુઃખ જડમૂળથી નષ્ટ થઈ જાય છે.

દુઃખની ચર્ચા કરતાં કરતાં એમણે जाति पि दुक्खा આદિ ૧૧ પ્રકારના દુઃખ ગણાવતાં સમજાવ્યું કે જયાં સુધી જન્મ મરણનું ભવચક્ર ચાલતું રહેશે ત્યાં સુધી આ પ્રકારે દુઃખોમાંથી પસાર થતાં રહેવું પડશે. આ ભવ-ચક્રોમાંથી મુક્ત થવું એ જ સાચા અર્થમાં દુઃખવિમુક્તિ છે. એના જ માટે એમણે સહજ, સરળ, ક્રિયાત્મક વિધિ શીખવી, જે વાદવિવાદજન્ય પોકળ દાર્શનિક માન્યતા નથી. બલ્કે નક્કર ફળદાયિની સક્રિય વિદ્યા છે. બુદ્ધે સ્વયં અનુભૂતિઓનું વિશ્લેષણાત્મક અધ્યયન કર્યું અને એવું જ અનુભૂતિજન્ય અધ્યયન કરવાનું પોતાના શિષ્યોને શીખવ્યું. ભગવાન બુદ્ધનો પૂરેપૂરો ઉપદેશ સ્વાનુભૂતિઓ પર આધારિત છે. 'શાસ્ત્ર વચન પ્રમાણ'ની અંધ માન્યતા પર આધારિત નથી.

વિભિન્ન વેદનાઓ-

હવે વેદનાનો એક જ અર્થ રહી ગયો - પીડા એટલે દુઃખ. પરંતુ એ દિવસોમાં 'વેદના' અનુભૂતિને કહેતાં. એમણે અત્યંત વૈજ્ઞાનિક ઢંગથી અનુભૂતિઓનું વિશ્લેષણ, વર્ગીકરણ કર્યું છે. એક વર્ગીકરણમાં બે પ્રકારની વેદનાઓ બતાવી- કાયિક અને ચેતસિક. બીજા વર્ગીકરણમાં વેદના ત્રણ પ્રકારની બતાવી.

तिस्सो रमा वेदना, भिक्खवे

..........ભિક્ષુઓ, અનુભૂતિઓ ત્રણ પ્રકારની હોય છે.

कतमा तिस्सो ? કઈ ત્રણ ?

सुखा वेदना, दुक्खा वेदना, अदुक्खमसुखा वेदना ।

અર્થાત- સુખવેદના, દુઃખવેદના અને ત્રીજી એવી વેદના જેમાં નથી સુખ કે નથી દુઃખ. આનો ઉલ્લેખ આપણને બુદ્ધવાણીમાં અનેકવાર મળે છે. કયાંય પણ બુદ્ધ કેવળ दुक्खा वेदना કહીને રહી નથી ગયા.

જેઓ એ ભ્રમમાં છે કે બુદ્ધે કેવળ દુઃખની જ ચર્ચા કરી, એમની આ

ભ્રાંતિ બુદ્ધવાણી વાંચવાથી દૂર થશે.

સામાન્ય સ્તર પર આ ત્રણ અનુભૂતિઓ કહેવાઇ, પરંતુ ધ્યાનની સૂક્ષ્મ અનુભૂતિઓના આધાર પર વૈજ્ઞાનિક ઢંગથી વિશ્લેષણ વિભાજન કરતાં કરતાં ભિન્ન ભિન્ન સંદર્ભમાં એમણે આ વેદનાઓની વિભિન્ન સંખ્યા ગણાવી છે. જેમ કે કયાંક પાંચ પ્રકારની, તો કયાંક છ, કયાંક અઢાર, કયાંક છત્રીસ અને કયાંક એકસો આઠ પ્રકારની વેદનાઓ જણાવી છે. કેવળ દુઃખ વેદના જ નથી કહી.

સુખવેદના-

એમણે સુખવેદનાઓ અનેક પ્રકારની બતાવી છે જેમ કે-

આંખ, કાન, નાક, જીભ અને ત્વચાના સંસ્પર્શથી થનારા અનુભવોના પાંચ कामसुख.

અણસમજુ લોકો આને જ પરમ સુખ માનીને ભ્રમિત થાય છે, પરંતુ બુદ્ધ કહે છે કે આ કામરાગજન્ય ઐન્દ્રિય સુખોથી કયાંય અધિક પ્રણીતતર એટલે કે ઉન્નત અને શ્રેષ્ઠ છે. પ્રથમ ધ્યાનનું સુખ જેને प्रीति सुख કહ્યું.

सविचारं सवितक्कं विवेकजं प्रीतिसुख ।

અહીં એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક તથ્ય ધ્યાન દેવા યોગ્ય છે. બુદ્ધના સમયે ધ્યાનસુખને માટે 'આનંદ' શબ્દનો પ્રયોગ નહોતો થતો. એને 'પ્રીતિસુખ' કહેવામાં આવતું. બુદ્ધની પૂર્વે વેદોમાં પણ 'આનંદ' શબ્દનો ઊંચા આધ્યાત્મિક અર્થમાં પ્રયોગ નથી થયો. આપણે જોઈએ છીએ કે વેદોમાં આ શબ્દનો પ્રયોગ નિંદિત અર્થમાં થયો છે. જેમ કે- आनन्दायस्त्रीषखुं (યજુર્વેદ ૩૦ : ૬) એટલે કે કામભોગના આનંદને માટે સ્ત્રીની સાથે મિત્રતા કરો.

વેદોમાં 'આનંદ'ની સરખામણીએ 'સુખ' શબ્દ સારા અર્થમાં પ્રયોજાયો છે. ભગવાન બુદ્ધના સમય સુધી પણ 'આનંદ' શબ્દ હીન અર્થમાં જ પ્રયુક્ત થતો રહ્યો, જેમ કે કામભોગના રાગરંગમાં નિમગ્ન અજ્ઞાનીઓને ફટકારતા ભગવાને કહ્યું -

को नु हासो, किमानन्दो, निच्चं पज्जलिते सति

શું હાસ- પરિહાસમાં લાગ્યા છો ? શું આનંદમાં લાગ્યા છો ! જુઓ ભીતર સતત પ્રજજવલન છે ! આ પ્રકારે તૃષ્ણાના બારામાં કહ્યું -

यायं तण्हा पोनोब्भविका नन्दीरागसहगता तत्रतत्राभिनन्दिनी... આ જે પુનર્જન્મ દેનારી, કામરાગના આનંદની સાથીદાર, કયારેક અહીં કયારેક ત્યાં, મજા ઇચ્છનારી કામતૃષ્ણા છે.

એક અન્ય પ્રસંગમાં આપણે જોઈએ છીએ - ભગવાન દ્વારા આનંદ ઉપભોગ ત્યાગવાનો વિરોધ કરતાં 'માર' (દેવપુત્ર) કહે છે-

नन्दति पुत्तेहि पुत्तिमा – પુત્રોવાળો પુત્રોથી આનંદિત થાય છે.

गोमिको गोहि तथेव नन्दति – ગાયોવાળો ગાયોથી આનંદિત થાય છે.

उपधी हि नरस्स नन्दना – વિષય ભોગ જ નરના આનંદ છે.

न हि सो नन्दति सो निरूपधि – જે વિષયભોગથી વિરત છે તે આનંદિત નથી.

એટલે કે એ દિવસો સુધી 'આનંદ' શબ્દ વિષય -ભોગના રસાસ્વાદનમાં જ પ્રયોજાતો હતો.

પરંતુ આગળ જતાં પતંજલિ સુધી પહોંચતાં પહોંચતાં 'આનંદ' શબ્દનો ઉત્કર્ષ થયો અને 'પ્રીતિસુખ' નો અપકર્ષ. પતંજલિએ બુદ્ધ દ્વારા વ્યાખ્યાત પ્રથમ ધ્યાનમાં 'પ્રીતિસુખ'નો પ્રયોગ ન કરતાં 'આનંદ' શબ્દનો પ્રયોગ કર્યો છે, જેમ કે-

वितर्क विचार आनन्द अस्मिता रूपानुगमात् सम्प्रज्ञातः ।

(યોગસૂત્ર - ૧૦)

હા, તો ભગવાન કહે છે કે કામભોગના સુખથી પ્રણીતતર (શ્રેષ્ઠ) છે પ્રથમ ધ્યાનનું પ્રીતિસુખ.

કેટલાક લોકો આને જ પરમ શાંતિ સુખ માની લે છે, જે ખોટું છે. આનાથી ય પ્રણીતતર સુખ છે- દ્વિતીય ધ્યાનનું અવિતર્ક અવિચારજન્ય પ્રીતિ-સુખ अवितक्कं, अविचारं समाधिजं पीति सुखं ।

કેટલાક લોકો આને જ પરમ શાંતિ-સુખ માની લે છે, જે ખોટું છે. એનાથી યે પ્રણીતતર સુખ છે- ત્રીજા ધ્યાનનું સમતાસુખ उपेक्खको सतिमा सुखविहारी ।

કેટલાક લોકો આને જ પરમ શાંતિ- સુખ માની લે છે, જે ખોટું છે. એનાથી યે પ્રણીતતર ચોથા ધ્યાનનું સુખ છે- સમતાભાવ સહિત સજગતાની પરિશુદ્ધિના કારણે પ્રાપ્ત થયેલી અદુઃખ- અસુખ અનુભૂતિ अदुक्खमसुखं उपेक्खासतिपारिसुद्धं ।

કેટલાક લોકો આને જ પરમ શાંતિ-સુખ માની લે છે, જે ખોટું છે. આનાથી યે પ્રણીતતર છે પાંચમા ધ્યાનની અનંત અવકાશની અનુભૂતિ - आकासनञ्चायतनं

કેટલાક લોકો આને જ પરમ શાંતિ- સુખ માની લે છે, જે ખોટું છે. એનાથી યે પ્રણીતતર છઠ્ઠા ધ્યાનની અનંત વિજ્ઞાનની અનુભૂતિ - विञ्ञाणञ्चायतनं ।

કેટલાક લોકો આને જ પરમ શાંતિ- સુખ માની લે છે જે ખોટું છે એનાથીયે પ્રણીતતર છે સાતમા ધ્યાનની અકિંચનની અનુભૂતિ - आकिञ्चञ्ञायतनं ।

કેટલાક લોકો આને જ પરમ શાંતિ- સુખ માની લે છે જે ખોટું છે એનાથી યે પ્રણીતતર છે આઠમા ધ્યાનની ન સંજ્ઞા અને ન અસંજ્ઞાની અનુભૂતિ - नेवसञ्ञानासञ्ञायतनं ।

કેટલાક લોકો આને જ શાંતિ-સુખ માની લે છે, જે ખોટું છે. આનાથી ય પ્રણીતતર છે એની પારની અનુભૂતિ જયાં વેદના અને સંજ્ઞા પણ નિરુદ્ધ થઇ જાય છે. - सञ्ञावेदयितनिरोधं ।

આ જ વસ્તુતઃ શરીર અને ચિત્તની પરે, ઇન્દ્રિયાતીત, નિત્ય, શાશ્વત, ધ્રુવ નિર્વાણિક સુખ છે. આ જ પરમ શાંતિ-સુખ છે. આને જ ભગવાને કહ્યું - निब्बानं परमं सुखं ।

નિર્વાણનું આ પરમ સુખ ત્યારે પ્રાપ્ત થાય છે જયારે પૂર્વસંચિત સંસ્કારોનું ઉપશમન થઇ જાય છે એટલે કે એનો સંપૂર્ણ રીતે નિકાલ થઇ જાય છે ત્યારે આ અવસ્થાએ પહોંચેલો એક ભિક્ષુ કહે છે -

पमोज्जबहुलो भिक्खु, पसन्नो बुद्ध सासने ।

अधिगच्छे पदं सन्तं सङ्खारुपसमं सुखं ॥

અર્થાત્ - બુદ્ધના ઉપદેશથી પ્રસન્નચિત્ત થયેલા પ્રમોદબહુલ ભિક્ષુએ કર્મસંસ્કારોના ઉપશમન સુખને અને નિર્વાણના પરમશાંતિ પદને પ્રાપ્ત કર્યું છે.

આઠેય ધ્યાન સુધી પણ આ અવસ્થા પ્રાપ્ત નથી હોતી. બોધિસત્ત્વ સિદ્ધાર્થ ગૌતમ ગૃહત્યાગ કરીને મગધ આવ્યા, જો કે શ્રમણ પરંપરાના ધ્યાનાચાર્ય અલારકલામના ધ્યાનકેન્દ્રની એક શાખા કપિલવસ્તુમાં પણ હતી. પરંતુ એમનું મુખ્ય ધ્યાનકેન્દ્ર મગધમાં હતું, અને ત્યાં જ આચાર્ય સ્વયં ઉપસ્થિત હતા. ત્યાં બે-ત્રણ દિવસોમાં જ એમની પાસેથી સાતેય ધ્યાન શીખીને પણ બોધિસત્ત્વે જોયું કે તે અત્યંત સુખદાયી તો છે, પરંતુ પરમ મુક્ત અવસ્થા નથી. અતઃ આચાર્ય પાસેથી અનુમતિ લઇને ધ્યાનાચાર્ય ઉદ્દક રામપુત્તની પાસે આઠમું ધ્યાન શીખવા ગયા. આચાર્ય ઉદ્દકે આઠમા ધ્યાનનું કેવળ વિવરણ સાંભળ્યું હતું, પણ સ્વયં કરી નહોતા શકયા. બોધિસત્ત્વે એ વિવરણ સાંભળીને એને બે-ત્રણ દિવસોમાં જ સાધી લીધું. ત્યારબાદ આચાર્ય ઉદ્દકે પણ એને સાધ્યું. પરંતુ બોધિસત્ત્વે

જોયું કે એ સાતમા ધ્યાનથી અધિક સુખદાયી હોવા છતાંય અંતિમ અવસ્થા નથી. હજુય થોડાક કર્મસંસ્કાર અંતરતમના ઊંડાણમાં સુષુપ્ત અવસ્થામાં વિદ્યમાન છે, કે જે પુનર્જન્મદાયી છે. એ હોય ત્યાં સુધી આને નિતાંત ભવવિમુક્તિની અવસ્થા ન કહી શકું. અતઃ ત્યારબાદ એ દિવસોની બહુપ્રચલિત દેહદંડનની શ્રમણ સાધનાનો છ વર્ષ સુધી નિષ્ફળ અભ્યાસ કર્યો, ત્યારબાદ પોતાના જ પ્રયાસોથી સદીઓથી વિલુપ્ત થયેલી પુરાતન વિપશ્યના વિધિ ખોળી કાઢીને નિતાંત ભવ-મુક્ત અવસ્થા પ્રાપ્ત કરી. ગૃહત્યાગથી સમ્યક્ સંબોધિ પ્રાપ્ત કરવા સુધીની પોતાની સાધનાઓનું સ્પષ્ટ વર્ણન ભગવાન બુદ્ધે પોતાની વાણીમાં સ્વયં કર્યું છે.

એમણે કોઇ સંજય નામના પંડિત પાસે જઇને કપિલ-દર્શન નહોતું શીખ્યું. મૂળ બુદ્ધવાણી ભારતમાંથી વિલુપ્ત થઇ જતાં કોઇ આવી કપોળ કલ્પિત વાત એમની સાધનાચર્યા પર ઠોકી બેસાડી હશે. સિદ્ધાર્થ કોઇ દર્શનશાસ્ત્રના અધ્યયનથી બુદ્ધ બન્યા એ નિતાંત તથ્ય વિરૂદ્ધ કથન છે. તેઓ સ્વયં કહે છે કે હું બધી દાર્શનિક માન્યતાઓથી ઉપર ઊઠી ગયો છું. કોઇ દાર્શનિક માન્યતાના આધાર પર બુદ્ધ બન્યા હોત તો આવું કેમ કહેત?

બીજા ધ્યાનમાં ચિત્તવૃત્તિની નિરોધ અવસ્થા પ્રાપ્ત થાય છે, ચોથા ધ્યાનમાં કાયનિરોધની અવસ્થા પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ ચિત્ત સલામત રહે છે. પાંચમાથી આઠમા ધ્યાન સુધી એને અનંત સુધી ફેલાવવાની વિભિન્ન વિધિઓ છે. આટલું કરી લીધા પછી પણ થોડાક કર્મસંસ્કાર બચી રહે છે કે જે ભવ સંસરણના કારણ બને છે કેમ કે આ અવસ્થા નિત્ય નથી, અપરિણામી નથી. એથી આગળના અભ્યાસ દ્વારા બધા કર્મસંસ્કારોના ઉપશમનની સ્થિતિ પ્રાપ્ત કરીને ચિત્તનિરોધની અવસ્થામાં પરમ શાંતિ-સુખ નિર્વાણનો સાક્ષાત્કાર થાય છે. આ સુખ અતુલનીય છે. ત્યારે જ ભગવાને કહ્યું -

यञ्च कामसुखं लोके, यञ्चिदं दिवियं सुखं ।

तण्हक्खयसुखस्सेते, कलं नाग्घन्ति सोळसिं'न्ति ॥

આ જે કામભોગનું સુખ છે, આ જે દિવ્ય સુખ છે, તે તૃષ્ણાક્ષયના પરમ સુખની તુલનામાં સોળમાંથી એક ભાગ પણ નથી.

બોધિસત્ત્વ સિદ્ધાર્થ ગૌતમને જ્યારે સમ્યક્ સંબોધિની સાથે ભવમુક્ત અવસ્થા પ્રાપ્ત થઇ તો એમણે પોતાની આ ઉપલબ્ધિ પર આ જ ઉદ્‌ગાર પ્રગટ કર્યા હતાં-

विसङ्खारगतं चित्तं, तण्हानं खयमज्झगा ।

- (મારું) ચિત્ત સંસ્કારમુક્ત થઇ ગયું છે, (મને) તૃષ્ણાના ક્ષયની અવસ્થા ઉપલબ્ધ થઇ ગઇ છે.

ભવમુક્તિના નિત્ય, શાશ્વત, ધ્રુવ શાંતિસુખની જે પરમ ચરમ નિર્વાણિક અવસ્થા બુદ્ધે સ્વયં ઉપલબ્ધ કરી, જીવનભર કરુણચિત્તથી મુમુક્ષુઓને એજ શીખવતા રહ્યા. સ્વયં પણ સુખી, બીજાના સુખમાં પણ સહાયક.

આમ ભિન્ન ભિન્ન સ્તરની અનુભૂતિઓને માટે એમણે 'સુખ' શબ્દનો જ પ્રયોગ કર્યો. કેમ કે તત્કાલીન ભાષામાં અલગ અલગ પરિમાણના સુખોને માટે અલગ અલગ શબ્દો હતા જ નહીં અને બુદ્ધ, ભલા, કેટલા નવા શબ્દ બનાવે!

આમ તો અનેક સુખોના નામ એમણે ગણાવ્યા પણ છે પરંતુ બધા પ્રકારના સુખોનું નામકરણ ન થઇ શક્યું. છતાં પણ કેટલાક સુખોનું તુલનાત્મક વર્ણન કરતાં બતાવ્યું કે કયું હીન છે, કયું પ્રણીત (શ્રેષ્ઠ) જેમ કે-

(૧) ગૃહસ્થસુખ તથા પ્રવ્રજ્યાસુખ- આ બંનેમાં પ્રવ્રજ્યા સુખ શ્રેષ્ઠ છે.

(૨) કામભોગોનું સુખ તથા અભિનિષ્ક્રમણનું સુખ- આ બંનેમાં અભિનિષ્ક્રિમણનું સુખ શ્રેષ્ઠ છે.

(૩) લૌકિક સુખ તથા લોકોત્તર સુખ- આ બંનેમાં લોકોત્તર સુખ શ્રેષ્ઠ છે.

(૪) સાસવસુખ તથા અનાસવસુખ- આ બંનેમાં અનાસવસુખ જ શ્રેષ્ઠ છે.

(૫) ભૌતિક સુખ તથા અભૌતિક સુખ- આ બંનેમાં અભૌતિક સુખ શ્રેષ્ઠ છે.

(૬) આર્યસુખ તથા અનાર્યસુખ- આ બંનેમાં આર્યસુખ શ્રેષ્ઠ છે.

(૭) શારીરિક સુખ તથા ચૈતસિક સુખ- આ બંનેમાં ચૈતસિક સુખ શ્રેષ્ઠ છે.

(૮) પ્રીતિસહિત સુખ, પ્રીતિ વિરહિત સુખ- આ બંનેમાં પ્રીતિ વિરહિત સુખ શ્રેષ્ઠ છે.

(૯) આસ્વાદ સુખ તથા ઉપેક્ષા સુખ- આ બંનેમાં ઉપેક્ષા સુખ શ્રેષ્ઠ છે.

(૧૦) અસમાધિસુખ તથા સમાધિ સુખ- આ બંનેમાં સમાધિ સુખ શ્રેષ્ઠ છે.

(૧૧) પ્રીતિ આલંબન સુખ તથા અપ્રીતિઆલંબન સુખ- આ બંનેમાં અપ્રીતિ આલંબન સુખ શ્રેષ્ઠ છે.

(૧૨) આસ્વાદ આલંબન સુખ તથા ઉપેક્ષા આલંબન સુખ-આ બંનેમાં ઉપેક્ષા આલંબન સુખ શ્રેષ્ઠ છે.

(૧૩) રૂપ આલંબન સુખ તથા અરૂપ આલંબન સુખ- આ બંનેમાં અરૂપ આલંબન સુખ શ્રેષ્ઠ છે.

એટલું જ નહીં, બુદ્ધે બીજા પણ અનેક પ્રકારના સુખ ગણાવ્યા છે- જેમ કે-

कायिकसुखं, चेतसिकसुखं, दिब्बसुखं, मानुसकसुखं, लाभसुखं, सक्कारसुखं, यानसुखं, सयनसुखं, इस्सरियसुखं, आधिपच्चसुखं, गिहिसुखं, सामञ्ञसुखं, सासवसुखं, अनासवसुखं, उपधिसुखं, निरुपधिसुखं, सामिससुखं, निरामिससुखं, सप्पीतिकसुखं, निप्पीतिकसुखं, झान-सुखं, विमुत्तिसुखं, कामसुखं, नोक्खम्मसुखं, विवेकसुखं, उपसमसुखं, सम्बोधसुखन्ति ।

અતઃ આપણે જોઇએ છીએ કે દુઃખની તુલનામાં આ મહાપુરુષે એટલાં અધિક પ્રકારનાં સુખોની કેવળ ગણતરી જ ન ગણાવી, એનું કેવળ વિવેચન જ ન કર્યું, બલ્કે, એમાં જે શ્રેષ્ઠ છે એનો અનુભવ કરતાં શીખવ્યું. સુખ પ્રાપ્ત કરવાની અનેક વિધિઓ બતાવી, જેમ કે-

चित्तं दन्तं सुखावहं – ચિત્તનું દમન સુખદાયી છે.

चित्तं गुत्तं सुखावहं – ચિત્તની સુરક્ષા સુખદાયી છે.

धम्मो चिण्णो सुखावहो – ધર્મનું આચરણ સુખદાયી છે.

એમના દ્વારા દુઃખની જયાં ચર્ચા થઇ છે, અધિકાંશતઃ એના કારણ અને નિવારણને લઇને જ થઇ છે, અને નિવારણનો અભ્યાસ કરવાનું શીખવ્યું છે. આમ છતાંય જ્યારે આપણે એમના પર આ લાંછન લગાડીએ છીએ કે તેઓ દુઃખવાદી હતા, એમની પાસે દુઃખ સિવાય કાંઇ બોલવા શીખવાનું હતું જ નહીં, તો એમના મૂળ ઉપદેશના બારામાં પોતાની અનભિજ્ઞતા જ પ્રગટ કરીએ છીએ.

આવો, આજ બુદ્ધપૂર્ણિમાના શુભ અવસર પર ભગવાન બુદ્ધ દ્વારા પ્રણીત દુઃખનિવારણની આ અણમોલ વિદ્યાનો અભ્યાસ કરતાં કરતાં પરમ સુખ પ્રાપ્તિ તરફ આગળ વધવાનો સંકલ્પ કરીએ અને બધાં પ્રકારના દુઃખોથી મુક્તિ પામીએ. એમાં જ બધાંનું મંગલ સમાયેલું છે.

- મંગલ મિત્ર,
સત્યનારાયણ ગોયન્કા

## મોરબી

એક દિવસીય શિબિર નવું સરનામું

બોયઝ હાઈસ્કૂલ લાયબ્રેરી ઉપરનો હોલ સદ્ભાવના હોસ્પીટલ પાસે, મોરબી.

# શિબિર કાર્યક્રમ

| | ધમ્મસિન્ધુ (બાડા) | ધમ્મકોટ (રાજકોટ) | ધમ્મપીઠ (અમદાવાદ) | ધમ્મદિવાકર (મહેસાણા) |
|---|---|---|---|---|
| દશ દિવસીય | (પુ.) 13/05 - 24/05<br>27/05 - 07/06<br>10/06 - 21/06 | (મ.) 02/05 - 13/05<br>16/05 - 27/05<br>(પુ.) 30/05 - 10/06 | 16/05 - 27/05<br>16/06 - 27/06<br>11/07 - 22/07 | 16/05 - 27/05<br>06/06 - 17/06<br>01/08 - 12/08 |
| સતિપટ્ઠાન | 27/05 - 04/06 | 04/05 - 12/05 | 15/09 - 23/09 | 07/07 - 15/07 |
| યુવક-યુવતીઓ માટે ૭ દિવસીય | (યુવક) 29/04 - 07/05<br>(યુવતી) 13/05 - 21/05 | (યુવક) 19/05 - 27/05<br>(યુવતી) 02/06 - 10/06 | (યુવક) 04/05 - 12/05<br>(યુવતી) 06/06 - 14/06 | -<br>(યુવતી) 05/05 - 13/05 |
| ૩ દિવસીય | - | - | 10/08 - 12/08 | 29/06 - 01/07 |
| ૨૦/૩૦ દિવસીય | 08/07 - 29/07 | - | - | - |
| ૧ દિવસીય | દર મહિનાના પહેલા રવિવારે | | | ચોથા રવિવારે |

નોંધ : ધમ્મકોટ ખાતે મહિલા અને પુરુષોની શિબિરની તારીખમાં ફેરફાર નોંધશો.

## જામનગર

**એક દિવસીય શિબિર** :- દર બીજા રવિવારે બપોરે ૧૨ થી ૬

**સામૂહિક સાધના** :- દર શનિવારે સાંજે ૪ - ૫
મનાલી શો-રૂમ નીચે, સેલર નં. ૪૧, સીટી આર્કેડ કોમ્પ્લેક્ષ, ડી.એસ.પી. બંગલાની બાજુમાં, જામનગર.

**સંપર્ક** :- હિનાબેન : ૯૩૨૮૯૦૫૬૦૦
રમેશભાઈ મહેતા : ૦૨૮૮ - ૨૬૭૭૭૬૧
સંજય ત્રિવેદી : ૯૩૭૪૧૯૯૫૨૩
ઈન્દુબેન મોઢા : ૯૪૨૭૨૭૧૦૦૨

- **ધમ્મસિંધુ - માંડવી (કચ્છ)** : કચ્છ વિપશ્યના કેન્દ્ર, ગામ-બાડા, તા. માંડવી-૩૭૦૪૭૫. ફોન : ૦૨૮૩૪-૨૭૩૬૧૨, ૦૨૮૩૨-૨૫૨૧૮
- **ધમ્મકોટ-રાજકોટ** : સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર, કોઠારિયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨. ફોન : ૦૨૮૧-૨૭૮૨૦૪૦, ૯૩૨૭૯૨૩૫૪૦
- **ધમ્મપીઠ - અમદાવાદ** : ગુર્જર વિપશ્યના કેન્દ્ર, ગામ : રનોડા, તા. ધોળકા, જિ.અમદાવાદ-૩૮૭૮૧૦ ફોન : ૦૨૭૧૪-૨૨૨૪૭૩, ૦૭૯-૨૨૧૭૧૧૭૮
- **ધમ્મ દિવાકર - મહેસાણા** : ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર, ગામ : મિઠા તા. જિ. : મહેસાણા. ફોન : ૦૨૭૬૨-૨૭૨૮૦૦, ૨૫૪૬૩૪.

## દોહા ધરમના

મન બન્ધન કા મૂલ હૈ, મન હી મુક્તિ ઉપાય ।
વિકૃત મન જકડા રહે, નિર્વિકાર ખુલ જાય ॥
મન કે ભીતર હી છિપી, સ્વર્ગ સુખોંકી ખાન ।
મન કે ભીતર ધધકતી, જવાલા નરક સમાન ॥
કુદરત કા કાનૂન હૈ, સબ પર લાગૂ હોય ।
મૈલા મન વ્યાકુલ રહે, નિર્મલ સુખિયા હોય ॥

**એકસેલ કોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

## દોહા ધરમના

અપને મન કા મૈલ હી, અપના નાશ કરાય ।
જ્યૂં લોહે કા જંગ હી, લોહે કો ખા જાય ॥
મન કે કર્મ સુધાર લે, મન હી પ્રમુખ પ્રધાન ।
કાયિક વાચિક કર્મ તો, મન કી હી સંતાન ।
કુદરત લેવે પક્ષ ના, કરે ન કભી લિહાજ ।
ઉસકો વૈસા ફલ મિલે, જિસકા જૈસા કાજ ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલકાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન: નાઈસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨ એપ્રિલ, ૨૦૦૭

આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂ. ૧૦૦/-
વાર્ષિક લવાજમ : રૂ. ૩૦/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org